ફર્સ્ટ ટેક

# પ્રજ્ઞા જયસ્વાલ કરવા ચાહે છે કમાલ



હિન્દી ફિલ્મ વાયા તેલુગુ ફિલ્મ. પ્રજ્ઞા જયસ્વાલ એવું જ કરી રહી છે. 'ખેલ ખેલમેં' ફિલ્મમાં અક્ષય કુમાર સાથે કેટલીક અભિનેત્રીઓનો ઝમેલો થયો હતો. તેમાં તાપસી પન્નુ છે, વાણી કપૂર છે તો ત્રીજી પ્રજ્ઞા જયસ્વાલ છે. અટક પરથી જ કહી શકશો કે તે સાઉથના રાજ્યની તો નથી જ અને હકીકત એ જ છે કે તે મધ્યપ્રદેશના જબલપુરની છે. પણ ફિલ્મોમાં અભિનય કરવા ઈચ્છનાર હવે નક્કી રાખે છે કે જો મુંબઈમાં ચાન્સ ન મળે તો સાઉથમાં ચાલી જવું. કુછ ના કુછ તો હો હી જાયેગા. પ્રજ્ઞા કોલેજમાં હતી ત્યારે જ સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લેતી થયેલી. એ સ્પર્ધાએ તેને મોડલીંગનું ક્ષેત્ર ખોલી આપ્યું અને પછી ફિલ્મનું ક્ષેત્ર ખૂલ્યું. તેને 'વિરાટ્ટુ' નામની તમિલ ફિલ્મ મળી ગઈ. બીજી ફિલ્મ તેલુગુ ભાષાની હતી અને તેમાં તો મુખ્ય હીરોઈન હતી અને પછી 'કંચે' નામની ફિલ્મ મળી પણ એ વખતે જ તેને અક્ષયકુમાર અભિનીત 'ગબ્બર ઈઝ બેક' માટે 'કંચે'ના દિગ્દર્શકે વિચારેલી પણ મેળ ન પડ્યો. અલબત્ત, 'ટિટ્ટુ એમબીએ' નામની ફિલ્મમાં તે નિશાંત દહીયાની હીરોઈન તરીકે આવેલી. પણ કોણ નિશાંત દહીયા? લોકો માટે એ હીરો અને ફિલ્મ અજાણી જ રહી એટલે પ્રજ્ઞા ઠેરની ઠેર રહી.

પ્રજ્ઞા સાઉથની કોઈ મોટી સ્ટાર તો નથી પણ મહત્ત્વાકાંક્ષી ઘણી છે. તે ઘણી મહેનતુ પણ છે અને તેના પરિણામે જ તે 'ખેલ ખેલમેં' ફિલ્મમાં આવી છે. તેને લાગે છે કે આ તેની પહેલી જ ફિલ્મ છે. બાકી તેની પાસે એસ.જે. સૂરયા સાથેની 'અખંડા-2' છે. અગાઉ તેની 'અખંડા' ખૂબ સફળ રહેલી એટલે સિક્વલ તરીકે આગળ વધી રહી છે. આમ તો 'જયા જાકી નાયક' પણ સફળ રહેલી.


પણ એ બધી સાઉથની ફિલ્મ છે. હા, તે 'મેં ચલા' નામના મ્યુઝિક વિડીયોમાં સલમાન ખાન સાથે આવી હતી એ ગીત 'અંતિમ:ધ ફાઈનલ ટ્રૂથ'માં સમાવાનું હતું પણ ન સમાવી શકાયેલું.

પ્રજ્ઞા કહે છે, એ મારું બેડલક હતું, બાકી એ ફિલ્મમાં હું એક ગીત પૂરતી પણ આવી હોત. પ્રજ્ઞા અફસોસ કરે છે અને એવો અફસોસ 'કંચે' ફિલ્મ માટે પણ છે જે સાઉથમાં ખૂબ સફળ રહેલી અને પ્રજ્ઞાને ખૂબ સન્માન મળેલું. ખેર! જે તક મળે એ જ અગત્યની છે.

'ખેલ ખેલ મેં' ફિલ્મમાં બીજી બે અભિનેત્રીઓ હતી તેનો ય તે અફસોસ નથી કરતી. તે કહે છે કે મારે હિન્દી ફિલ્મોમાં કામ કરવું છે અને જે તક મળે તે ઝડપી લઉં છું. બીજી ફિલ્મો માટે પણ પ્રયત્નશીલ છું અને મેળવીશ તો છુપાયેલું રહેશે નહીં. ●

# વન્સ અપોન અ ટાઈમ ઈન બૉલીવુડ...











> એક સમય એવો પણ આવ્યો જ્યારે આ નિર્દયી ડોનનું દિલ બોલીવુડની રૂપસુંદરીઓ પર આવ્યું અને સુપરહિટ ફિલ્મ બને એવી સ્ટોરી મળી. જેમાં મમતા કુલકર્ણી અને છોટા રાજનની પ્રેમ કહાની ઘણી ફેમસ છે

કિસ્સા કહાની

બૉલીવુડ અને મુંબઈ બંને એક બીજાના પૂરક છે અને 1970થી '90ના સમયમાં બૉલીવુડ અને મુંબઈ સાથેસાથે એક શબ્દ ઉમેરાયો 'અંડરવર્લ્ડ' અને આ અંડરવર્લ્ડની દુનિયાએ બૉલીવુડને આખુ બદલી નાખ્યું. એવું બદલ્યું કે હિરો હિરોઈનની કાસ્ટિંગ એક ફોન દ્વારા થતી, ક્યારે કઈ ફિલ્મમાં કયો અભિનેતા કામ કરશે અને નહિ કરે તે નક્કી બંદૂક ચલાવતા ગુંડાઓ કરતા! આ બધાની શરૂઆત થઇ 1960થી બોમ્બેના ગેંગસ્ટર કરીમ લાલા અને હાજી મસ્તાનના ફિલ્મ (હિરોઈન) પ્રત્યેના આકર્ષણથી. સ્મગલિંગના પૈસાઓ વડે તેમણે ફિલ્મોમાં રોકાણ કરવાની શરૂઆત કરી અને કામ સરળતાથી ચાલતું રહે તે માટે ઈન્ડસ્ટ્રી પણ તેમની સાથે રહી. કિસ્સા એવા પણ છે કે કરીમલાલા પાસે દિલિપ કુમાર, હેલન સાથે પોતાની 'પર્સનલ પ્રોબ્લમ' સૉલ્વ કરાવવા ગયા હતા, હાજી મસ્તાન મધુબાલાથી એટલા આકર્ષિત હતા કે તેના જેવી જ દેખાતી અભિનેત્રી શાહજહાં બેગમને પરણેલા. પણ ત્યાર સુધી બૉલીવુડ અને અંડરવર્લ્ડનો સંબંધ ફિલ્મ અને પૈસા સુધી સિમિત હતો, આ સ્ટાર અને ગેંગસ્ટર વચ્ચે દોસ્તી વધવા લાગી અને તેમના કોઈ પણ પ્રસંગમાં બૉલીવુડ સ્ટાર્સની હાજરી ફરજિયાત કરવામાં આવી. '80 નો સમય આવ્યો જ્યારે ડૉન, ભાઈ, D, અબુ સાલેમ, મિર્ચી જેવા નામ બોમ્બે અને બૉલીવુડમાં જોડાતા ગયા અને અંડરવર્લ્ડ બૉલીવુડ પર હાવી થતું ગયું. એટલો દબાવ વધ્યો કે ગુલશન કુમારની હત્યા, રાકેશ રોશન પર ચલાવાયેલી ગોળી, અભિનેતાના ઘરમાંથી મળેલી બંદૂક, 1993 બોમ્બે બ્લાસ્ટની અમુક એક્ટરને પહેલાથી જ જાણ હોવાના આરોપ, ડ્રગ્સ અને સટ્ટામાં સ્ટાર્સની સંડોવણીના ઉદાહરણ આપણી સામે છે. એક સમય એવો પણ આવ્યો જ્યારે આ નિર્દયી ડોનનું દિલ બોલીવુડની રૂપસુંદરીઓ પર આવ્યું અને સુપરહિટ ફિલ્મ બને એવી સ્ટોરી મળી. જેમાં મમતા કુલકર્ણી અને છોટા રાજનની પ્રેમ કહાની ઘણી ફેમસ છે. મોસ્ટ વોન્ટેડ દાઉદનું નામ 'રામ તેરી ગંગા મેલી'ની મંદાકિની, પાકિસ્તાની અભિનેત્રી અનિતા અય્યુબ, 'વિરાના' ફિલ્મની જાસ્મિન જેવી અભિનેત્રીઓ સાથે જોડવામાં આવ્યું હતું. ફોન પર ધમકાવતા અબુ સાલેમની મોનિકા સાથેની લવસ્ટોરી કેટલી ફિલ્મી લાગે! પણ જેમ ફિલ્મોમાં બનતું હોય છે તેમ ક્લાઈમેક્સમાં થઇ હિરોની એન્ટ્રી! મુંબઈ પોલીસની એક્શન સામે ગુંડાઓની ધોલાઈ થઈ. બૉલીવુડ પર અંડરવર્લ્ડની પકડ ઢીલી પડી, 2023 સુધી શાંતિ હોય એમ લાગતું હતું, જોકે હવે ફરી કોઈ દૂર જેલમાં બેઠેલો વિલન બોલીવુડના કોઈક હીરોને ધમકાવી રહ્યો છે. જેનાથી ફરી 'વન્સ અપોન અ ટાઈમ ઈન બૉલીવુડ'ની સિઝન-2 રિલીઝ થવા જઈ રહી હોય તેમ લાગે છે. ●

HOLLYWOOD News

# હૉલીવુડમાં કોણે દિવાળી ઉજવી?





ઈન્ડિયામાં હેલોવીન પાર્ટી સેલિબ્રેટ કરતાં સ્ટાર્સના ફોટો જોઈ ખુશ થતા ફેન્સ, હોલીવુડ સ્ટાર્સની દિવાળી સેલિબ્રેશન જોઈને એટલા જ ખુશ થયા હશે. દિવાળી પાર્ટી સેલિબ્રેશન બૉલીવુડ સાથે હોલીવુડમાં પણ ટ્રેંડમાં છે ઘણા બધા ઈન્ડિયન (હોલીવુડની ભાષામાં સાઉથ એશિયન) સેલેબ્રિટીઝે પોતાની દિવાળી ઉજાણીના ફોટો શેર કર્યા હતા જે ઘણા વાયરલ થયા. અમેરિકાના પ્રેસિડન્ટથી લઇ પ્રેસિડન્ટ બનવા માંગતા ટ્રમ્પ પણ દિવાળી માનવતા જોવા મળ્યા. દર વર્ષે હોલીવુડની દિવાળીમાં ઈન્ડિયન ફેશન અને ફૂડ સાથે આ સેલિબ્રેશન જોવા મળે છે. આ વર્ષે બ્રિટનમાં થયેલી અંજૂલા આચાર્યની દિવાળી પાર્ટી ઘણી ચર્ચામાં રહી. 300 જેટલા ફેમસ સેલિબ્રિટીઝ આવ્યા હતા. જેમાં 'બ્રિજર્ટન'થી ફેમસ થયેલી સિમોન એશ્લે, 'મીનગર્લ્સ'ની અવંતિકા વંદપાનુ, ફ્રાંસનો સ્ટેન્ડપ કોમેડિયન હસન મિન્હાજ, સિંગર જય સીન, પાકિસ્તાની સિંગર અલી સેઠી, 'નેવર હેવ આઈ એવર' અને 'જેસલ ટેન્ક'ની મૈત્રેયી રામક્રિષ્ન જેવા NRI સેલિબ્રિટી આ પાર્ટીમાં આવ્યા હતા. અમુક સેલિબ્રિટીઝ ભારતથી ત્યાં પાર્ટી કરવા ગયા હતા જેમાં- ડિરેક્ટર મીરા નાયર, ડિઝાઈનર સબ્યસાચી મુખર્જી હતા. આ પાર્ટીમાં બધાની નજર નોરા ફતેહી પર હતી. જે ડાન્સ પર્ફોમ કરતી જોવા મળી હતી. જેણે પોતાનાં મૂવથી હાજર બધાને ડાન્સ કરવા મજબૂર કર્યા. પ્રિયંકા ચોપરા જોનાસ પણ નિક જોનાસ અને માલતી મૅરી સાથે દર વર્ષની જેમ ઘરમાં દિવાળી પૂજા કરતી જોવા મળી. હૉલીવુડની દિવાળી જેને જોયા વગર અધૂરી લાગે તેવી પદ્મા લક્ષ્મી પણ પોતાનાં ફોટોસ શેર કર્યા હતા, ઈન્ડિયન અમેરિકન રાઈટર એક્ટ્રેસ મિન્ડી કલિંગે દિવાળીમાં ઈન્ડિયન લૂકમાં ફોટો મૂક્યા હતાં. ●



# ઈન્ડિયન હિપહોપની અસલ 'હસલ'

ટ્રેન્ડિંગ

રેડિયો, ટીવી કે પછી આપણી શો ટાઈમ (હૃદયને ગાતા ગીતો) દરેક જગ્યાએ સંગીત આધારિત કાર્યક્રમ બધાને ખુબ પસંદ પડે છે. એવો જ સંગીત આધારિત પ્રોગ્રામ MTv હસલની સિઝન 4 હાલ સ્ટ્રીમ થઇ રહી છે. હિપહોપ આધારિત આ શૉ હાલ યંગસ્ટર્સમાં ખુબ લોકપ્રિય છે.

દેશમાં હિપહોપ ક્લચર અન્ય દેશો જેટલું ડેવલપ નથી થયું, તેને અન્ડરગ્રાઉન્ડ એક્ટિવિટી તરીકે જ લોકો જોતા હતા. આપણા દેશી હિપહોપને એક સ્ટેજની જરૂર હતી જે MTV હસલથી પુરી પડી. ડિવાઈન, નેઝી, રાજાકુમારી અને માફિયા મૂંડીરના ડા કલાકરો અને બાકી અમેરિકન હિપહોપ આર્ટિસ જ આપણી પાસે સાંભળવાના ઉદાહરણ હતા. હવે જો સવાલ થાય આ hiphop વળી શું છે? ખુબ માહિતી માગી લેતો જવાબ છે, પણ ટૂંકમાં 1970માં અમેરિકામાં વિરોધ કરવા ખાસ કરી નીગ્રો લોકોએ પોતાનું અલગ મ્યુઝિક શોધ્યું કર્યું. જેમાં રિધમ હતી, શબ્દો પર વધારે ભાર અને સમાજ સામે વિરોધ હતો. પોતાની વાતને ખુબ જોશથી, લાઉડ સંગીતની સાથે, કોઈ શિષ્ટતા, ભાષાનાં આડંબર, ખાસ શાસ્ત્રીય તાલીમ વગર ગાવામા આવતી. જેને હિપહોપ નામ મળ્યુ. હસલમાં આવતા કલાકરો પણ પોતાના વિચારો આ રૅપમાં રજુ કરે છે, જૂની જનરેશન માટે આ સંગીત નવું હોય શકે છે. તેની ચોથી સિઝન શરુ થઇ છે. 2019 ઑગસ્ટમાં પહેલી સિઝન આવી હતી જેમાં રફ્તાર, રાજાકુમારી, ન્યુક્લિયા જજ હતા, 2022માં બીજી સિઝન શરુ થઇ જેમાં બાદશાહ જજ તરીકે જોડાયો જે ત્રીજી સિઝનમાં પણ હતો. જજની સાથે કન્ટેસ્ટન્ટ્ને ડીનો જેમ્સ, EPR, dee MC જેવા સ્ક્વૉડ બોસ મળે છે. આ સિઝનનાં જજ છે- રફતાર અને ઈક્કા. RAGA પણ જજ તરીકે જોવા મળવાનો છે. આ સિઝનમાં 16 કન્ટેસ્ટન્ટ છે. અને ગુજરાતીઓ માટે ખાસ વાત છે, 'સુરતથી' એક કન્ટેસ્ટન્ટ પણ તમને જોવા મળવાનો છે! નામ છે મેડ ટ્રીપ (Mad Trip). જેણે આવતાની સાથે જ શોમાં 'બૂમ પડાવી' દીધી છે. આ પહેલાની સિઝનમાં MC સ્કવેર, void, GD 47, શ્રુષ્ટિ, પેરાડૉક્સ, જેવા આર્ટિસ્ટ લોકોને ખુબ ગમ્યા હતા, તેમના ગીતોને મિલિયન્સમાં વ્યૂઝ મળ્યા છે. કંઈક નવું, અલગ સાંભળવું હોય તો શૉ જોઈ શકો છો સંગીત સાથે થોડો ડ્રામા, ટાઈમપાસ પણ મળશે. ●



વેબસ્ટાર

# 'દિલ-દોસ્તી-ડાન્સ'- શાંતનુની ઓળખાણ

સિનેમા ઈન્ડસ્ટ્રી તેની ફિલ્મોની જેમ અનપ્રિડિક્ટેબલ છે, જે વિચાર્યું ન હોય તે થવાની શક્યતા ઘણી વધારે! તેના ઘણા બધા ઉદાહરણો આપણી પાસે છે. અશોક કુમારથી લઈ રજનીકાંત, અક્ષય કુમાર, ડિરેક્ટર બનવા માંગતો આમિર ખાન, સિંગરમાંથી એક્ટર બનેલો હિમેશ રેશમિયા પણ કોરિયોગ્રાફરથી ડિરેક્ટર બનેલી ફરાહ ખાન, રેમો ડી'સોઝા આ વાક્યનાં ઉદાહરણો છે. એમાં હજી એક કલાકારનો ઉમેરો થઈ રહ્યો છે. ઈન્ડસ્ટ્રીમાં ડાન્સર કે કોરિયોગ્રાફર બનવા આવેલો કોલકાત્તાનો શાંતનુ માહેશ્વરી, પોતે ફિલ્મમાં એક્ટર તરીકે જોવા મળશે તેવું એણે પણ નહિ વિચાર્યું હતું.

થોડા સમય પહેલા જ અજય અને તબુની આવેલી ફિલ્મ 'ઔરોં મેં કહાં દમ થા'માં યંગ અજયના કેરેક્ટરમાં તે જોવા મળ્યો હતો. જોકે તેની ડેબ્યુ ફિલ્મ હતી 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેના માટે તેને ફિલ્મફેર નોમિનેશન મળ્યું હતું. મજાની વાત આ ફિલ્મમાં પણ અજય હતો અને હજી સુધી બંને એ સ્ક્રિન શેર નથી કરી. 2023માં શાંતનુ ફિલ્મમાં દેખાયો તે પહેલા તે કેમેરા સામે ઘણું કામ કરી ચુક્યો હતો. 2011માં ટીવી સિરિયલ 'દિલ-દોસ્તી-ડાન્સ'થી ઘણો ફેમસ થયો હતો. આ તેના કરિયરની શરૂઆત હતી. ટીવી પર તેને યંગ ઑડિયન્સ ખુબ પસંદ કરવા લાગ્યું જેને કારણે તેને બીજી ઘણી સિરિયલો મળી (તેને સ્ટીરીયો ટાઈપ કરતી) જેમ કે 'યે હૈ આશિકી (2013), ગર્લ્સ ઓન ટોપ (2016), ટ્વિસ્ટવાલા લવ, XXX: અનસેન્સર્ડ (2018), સ્પેશિયલ ડે (2020), બટરફ્લાય (2021) આ બધી ટીવી સિરયલમાં તે દેખાઈ ચુક્યો છે. આમ કરવાથી તે એક પ્રકારના ઑડિયન્સમાં જ જાણીતો બન્યો હતો. પણ તે ટીવીમાં કે ફિલ્મોમાં કામ કરવા નહતો આવ્યો, તેને તો ડાન્સર કે કોરિયોગ્રાફર જ બનવું હતું, એટલે ડાન્સ શૉ પણ કર્યા.

સ્ક્રિન પર દેખાતી તેની સિન્સિયારિટી અને માસુમતા છોકરીઓ અને કાસ્ટિંગ ડિરેક્ટરની પસંદગી બની. તેને મળેલા મોટાભાગના કેરેક્ટર આ પ્રકારના જ છે. જોકે હવે નવા પ્રોજેક્ટ્સમાં તે આ સ્ટીરીયો ટાઈપ કેરેક્ટરથી દૂર જવાનો પ્રયાસ કરશે. હમણાં આવેલી ટૂથપરી (2023) કેમ્પસ બીટ્સ(2023), ઈશ્ક ઈન ધ એર(2024) ટીવીના બદલે OTT પર આવી છે અને તેની ટીવી સમયની લોકપ્રિયાતા અહીંયા પણ જોવા મળી. શાંતનુની 'ઈશ્ક ઈન ધ એર' મીની સિરીઝ હમણાં જ રિલીઝ થઈ છે જે લોકોને ખુબ પસંદ પડી. અત્યારે 4 જેટલા પ્રોજેક્ટ્સ તેના ખાતામાં છે. જેમાં 'લવ ઈન વિયેતનામ', 'ક્રોસફિટ' થોડા જ સમયમાં જોવા મળશે. રાઘવ જુયાલ, પ્રભુ દેવા, રેમો ડિસોઝા જેવા ડાન્સર કુળમાંથી આવતા કલાકારોમાં શાંતનુનો સમાવેશ પણ થઈ ચુક્યો છે. એક સમયે દીપિકા પાદુકોણ અને શાહિદ કપૂર પણ સાઈડ ડાન્સર તરીકે જોવા મળ્યા હતા, જોકે તેમને એક્ટર જ બનવું હતું. હવે ડાન્સ, એક્ટિંગ વચ્ચે બેલેન્સ રાખી શાંતનુ કેટલો આગળ વધે છે જે જોવું રહ્યું. ●